# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે MSME માટે માર્ગર્શન આપતો સેમીનાર યોજવામાં આવેલ...**

Follow Us On

rajkotchamber.com

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે Enhancing Global Competitiveness through Industry 4.0 with focus on (AI-Analytics- IoT) અંગે Regional MSME Seminar નું તા.૨૯-૭-૨૦૨૩, શનિવારના રોજ રાજકોટ ચેમ્બરના કોન્ફરન્સ હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નવ નિયુકત રાજકોટ ડેપ્યુટી ડીજીએફટીશ્રી રોહિત સોની ઉપસ્થિત રહયા હતા. તેમજ NASSCOM COE-ગાંધીનગરના સિનીયર ડાયરેકટર અને સેન્ટર હેડશ્રી અમિત સલુજા, મે.દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી લી.ના વાઈસ પ્રેસિડેન્ટશ્રી મિહીર જવેરી, રાજકોટ SIDBI ના DGMશ્રી શ્યામાનંદ યાદવ તથા મે.ઈન્ક્રેડીબલ મશીનના ટેકનીકલ ડાયરેકટરશ્રી વિરેન પંડયા દ્વારા વેપાર-ઉધોગકારોને જાણકારી-માર્ગદર્શન આપવામાં આવેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી સંસ્થા દ્વારા છેલ્લા ૬૯ વર્ષથી વિવિધ સેકટરને લગતા અલગ-અલગ અવરનેશ સેમીનરો યોજવામાં આવે છે. તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોના ઉદભવતા પ્રશ્નોને વાચા આપવા હંમેશા અગ્રેસર રહે છે. તેઓના વેપાર-ધંધાને વેગ મળે અને દેશ તથા ગુજરાતના વિકાસમાં સહભાગી બની સૌરાષ્ટ્રને ગ્રોથ એન્જીન બનાવ્યું છે. સાથો સાથ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

મુખ્ય મહેમાન રાજકોટ ડેપ્યુટી ડીજીએફટીશ્રી રોહિત સોનીએ આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપેલ તે બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર તટસ્થ અને પારદર્શક કાર્ય કરી રહયું છે. હાલના સમયમાં ડીઝીટીલાઈઝેશન ખુબ જ ઝડપથી વધી રહયું છે. જેનાથી વેપાર-ઉધોગમાં ઘણો ફાયદો થશે. તેમજ નિકાસ અને ડીજીએફટી સલગ્ન કોઈપણ કામકાજ હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરવો જેમાં હર હંમેશ સાથ સહકાર આપીશું.

NASSCOM COE-ગાંધીનગરના સિનીયર ડાયરેકટર અને સેન્ટર હેડશ્રી અમિત સલુજા દ્વારા NASSCOM સેન્ટર ઓફ એક્ષલન્સીએ ગુજરાત સરકાર અને મીનીસ્ટ્રી ઓફ IT-Electronics ના સપોર્ટથી મેન્યુફેકચરક્ષેત્રે ટેકનોલોજીનો ઉપયોગ વધે એના માટે સ્થાપના કરવામાં આવી છે અને MSME ને ટેકનોલોજીના એડોપ્શન માટે મદદ કરવા માટે સતત

કાર્યરત છે. MSME ને એડવાન્સ ટેકનોલોજી જેવી કે Artificial intelligence અને Industrial Internet of Things ના માધ્યમથી વૈશ્વીક સ્તરે સ્પર્ધાત્મક કઈ રીતે બનાવવા અને ઉધોગકારોને ઓપરેશનલ ખર્ચો જે છે તેને ઘટાડવો અને એમની પ્રોડકટીવીટી અને ક્ષમતાઓ કઈ રીતે વધારવી જેવી વિગેરે બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપેલ.

મે.દેવ ઈન્ફોર્મેશન ટેકનોલોજી લી.ના વાઈસ પ્રેસિડેન્ટશ્રી મિહીર જવેરીએ ઈન્ડસ્ટ્રી ૪.૦, Artificial Intelligence-Industrial Internet of Things, Analytics, થકી થતા અગત્યના ફાયદાઓ તેમજ સિસ્ટમ થકી મળવાપાત્ર વિવિધ મદદોની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા વિસ્તૃત ચર્ચા નીચે દર્શાવેલ મુદાઓને આવરી કરવામાં આવી.

Artificial Intelligence : (૧) યોગ્ય અને ત્વરીત નિર્ણયો, (૨) ઉત્પાદકતા અને તેને આનુશાંગીક કાર્યક્ષમતામાં વધારો (૩) બિઝનેશની વધારી સારી અને સુગમ પ્રગતિ સાધવા માટે, (૪) નવી ક્ષમતાઓ અને બિઝનેશ મોડલનું વિસ્તરણ, (૫) ગ્રાહકો સાથેના વ્યકિતગત સબંધોની ધનિષ્ઠ અને અનુભવોની જાળવણી, (૬) સેવાકિય માળખાને વધારે સુદ્રઢ અને સુલભ બનાવવા માટે, (૭) જે તે એકમ દ્વારા ગ્રાહકોને પુરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ તથા તે સેવાઓના યોગ્ય નિરક્ષણ માટે, (૮) ઉત્કૃષ્ટ ગુણવતા થકી માનવ ભુલોને યોગ્ય પણે નિવારણ માટે, (૯) ઉત્કૃષ્ટ પ્રતિભાના યોગ્ય સંચાલન માટે, (૧૦) નફાકારકતામાં વધારો.

Industrial Internet of Things : (૧) ફેકટરી સલગ્ન વિવિધ પરીબળોને વધારે કાર્યક્ષમ બનાવવા માટે (૨) ઉત્પાદન પ્રોડકટને વધુ સારી ડિઝાઈન આપવા માટે (૩) સમગ્ર ઉત્પાદન અને પુરવઠા ચેનને વધુ કાર્યક્ષમ બનાવી શકાય (૪) બિનજરૂરી મોનોટરીંગ અને કન્ટ્રોલને નિવારવા (૩) ગ્રાહકોને વધારે સુયોગ્ય અને સુદ્રઢ પોસ્ટલ સર્વિસ એટલે કે વહેંચાણ બાદની સેવાઓ પુરી પાડી શકાય.

ત્યાર બાદ રાજકોટ SIDBI ના DGMશ્રી શ્યામાનંદ યાદવએ MSME ને લગતી અલગ-અલગ ફાયનાન્સીયલ સ્કીમ જેવી કે ARISE, STHAPAN, Express2.0, Green Finance Scheme, eGPS, 4E Scheme વિશે માહિતી આપેલ તેમજ Artificial intelligence-

Industrial Internet of Things, Analytics, ટેકનોલોજીનો ઉપયોગ કરનાર મે.ઈન્ક્રેડીબલ મશીનના ટેકનીકલ ડાયરેકટરશ્રી વિરેન પંડયા દ્વારા પોતાનો અનુભવ જણાવેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ASSOCHAM ગુજરાત કાઉનસીલના MSME કમિટીના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત સૌ મહેમાનો અને વેપાર-ઉધોગકારોના પ્રતિનિધિઓનો આભાર વ્યકત કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા યોજાતા વિવિધ સેમીનારોનો ખાસ લાભ લેવો તેમજ કોઈપણ પ્રશ્ન કે સમસ્યા હોય તો સંસ્થાને મોકલી આપવા જેથી તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય. સમગ્ર સેમિનારનું સંચાલન ASSOCHAM ગુજરાત કાઉનસીલના આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી દિર્ઘકુમાર સોનીએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.